# પરીશ્રમના ખેપીયા : મારા બાપુ

--ડૉ.શરીફા વીજળીવાળા

આયખાના ઓવારે ગોઠંબડાં ખાતાં ઘણાને અઢળક મળ્યું હશે અને કદાચ મને ઘણુંય નહીં મળ્યું હોય; પણ મને એક વાતની ખાતરી છે કે મારા જેવા ઝીંદાદલ બાપ કો' કરમીને જ મળે.

હું સમજણી થઈ તે જ દીવસથી મેં મારા બાપુ કાસમભાઈ વીજળીવાળાને સાઈકલ પર લાદીને જીંદગીને ખેંચતા જ જોયા છે. એકવડીયો બાંધો, પાંચ-સાત થીંગડાંવાળાં કપડાં, સદાની સાથી એવી ખખડધજ સાઈકલ, અને મોઢા ઉપર દુનીયાની બાદશાહી ભોગવતા માણસનું હાસ્ય. બાપુના ચહેરા પર બારે મહીના હાસ્યની ફુલગુલાબ મોસમ ખીલેલી રહેતી.

બાપુનું બાળપણ, અમલદારીની રોનકમાં વીતેલું; પણ એ રોનક એમની વેરણ બની. બાપનો પ્રેમ કે માની લાગણીથી તેઓ હમેશાં વંચીત જ રહ્યા. મા-બાપનું એક માત્ર સંતાન હોવા છતાં શેરીઓમાં અને ખેતરોમાં રખડીને મોટા થયા. એમના બાપુની ભારે ધાક(આજે પણ એટલી જ છે). પસાયતાઓની ફોજ લઈને ફરતા દાદાને બાપુ શું કરે છે, એ જાણવા-જોવાનો સમય જ નો'તો. દાદા દ્વારા લોકો પર ગુજારાતા જુલમ બાપુ ફાટી આંખે જોયાકરે ને તેર-ચૌદ વર્ષની વયે જ આ ફાટી આંખોએ બાળપણને ટપક કરતું ટપકાવી દીધેલ ક્યાંક અજાણી ભોં પર. ભીતર સંકોડાતા બાપુએ 'રુપીયો કેમ થાય છે એ ખબર પડે છે?'નો જવાબ આપવા સાઈકલ પકડી લીધી અને આ સાઈકલ બાપુને એવી જળોની જેમ વળગી છે કે હમણાં એકસઠમે વર્ષે ભાઈએ પરાણે છોડાવી ત્યારે છુટી.

પ્રસંગોપાત્ત વડપણનું છુટા હાથે દાન કરતા દાદાની અમલદારશાહી સ્વરાજ આવતાં ગઈ. એ જ અરસામાં બાપુનાં લગ્ન થયાં. એમની પાસે ન મળે ભણતર કે ન મળે વ્યવહારબુદ્ધી. બાએ પણ નીશાળની પગથાર ભાળેલી નહીં. પણ બાપુ પાસે જમા ખાતે ખુદા પરનો અડગ વીશ્વાસ અને કોઈનેય છેતરવાનું મન ન થાય એવું ભોળપણ ભારોભાર હતાં. આવા સધ્ધર ખાતા પર કયો ધંધો ચાલે? બા પાસેથી સાંભળેલી વાતો મુજબ એ વર્ષોમાં બાપુ સાઈકલ પર આજુબાજુનાં ૨૫-૩૦ ગાઉનાં ગામડાંઓમાં મોસમે મોસમની ચીજો વેચતા. બરફથી માંડીને બોર સુધીની ફેરી કરી પણ તોય હાડલાંઓએ કુસ્તી બંધ ન કરી. એકાંતરે બાપુ ધંધા બદલતા હતા; પણ એમનું તકદીર બદલવાનું નામ નહોતું લેતું, આવું જ ચાલ્યું ૧૦-૧૨ વરસ. આવક હતી એટલી જ રહી ને અમારા કુટુંબની સંખ્યામાં અમારાં પાંચ ભાઈબહેનોનો ઉમેરો થયો. જીંથરી રહેવાનું ને બાપુ છેક ધોળા સુધી સાઈકલ પર જાય. ધોળાના શેઠે એમને છાપાં વેચવા આપ્યાં અને બાપુની સ્થીતીમાં એક સ્થીરતાનો વળાંક આવ્યો. એક-બે વરસ પછી ધોળાના શેઠે સોનગઢ ખાતેની એજન્સી જ બાપુને આપી દીધી. ૯ જણા ખાવાવાળા ને ૪૦૦ રુપીયા મહીને મળે. બા અને બાપુને બે છેડા ભેગા કરવા એ નેવનાં પાણી મોભે ચડાવવા જેવું લાગે. બા બીચારી છાણાં-બળતણ, સીવવાનું, ખેત-મજુરી વગેરે કર્યે જ રાખે; પણ તોય ચાદર ટુંકી જ પડે. જે ઉંમરે છોકરાં નીશાળેથી આવીને માને ચુપચાપ બેઠેલી જોઈ સમજી જાય કે, 'નક્કી કશુંક હશે.' ત્યારે અમે સમજી જતાં કે મા ચુપચાપ બેઠી છે તે 'નક્કી આજે કંઈ જ નહીં હોય.' ને કંઈ પણ બોલ્યા વગર જ થેલા મુકી રમવા દોડી જતાં. લોકો કહે છે, ડહાપણની દાઢ સોળ-સત્તર વર્ષે ઉગે છે; પણ અમને ભાઈ-બહેનને તે સાત-આઠ વર્ષની ઉંમરે જ ફુટી ગયેલી. બાળપણને બહુ વહેલું હળવેથી 'આવજો' કહી દીધેલું. અને આ બધું છતાં અમે કોઈ નાસ્તીક ન થયાં. આસ્તીક થયાં તેનું મુળ કારણ બાપુ. રાતે રમીને આવીએ ત્યારે બા-બાપુ ખાવાની કંઈ વ્યવસ્થા કરી બેઠાં જ હોય. મને યાદ નથી અમે ક્યારે પણ ભુખ્યાં સુતાં હોઈએ. રોજ રાતે આવું શાહી ભોજન આરોગી વીક્રમરાજાના સીંહાસને બેઠા હોય એમ ફળીયામાં બેઠા બેઠા બાપુ ભવીષ્યનાં રંગીન સપનાંને શબ્દોના તારે પરોવતા જાય. એક સીવવાનો સંચો લેવો છે, એક સાઈકલ...યાદી લંબાતી જાય ને બાના હોઠ પરનું હાસ્ય પણ લંબાતું જાય. એને આવતી કાલની આવનારની સાંજ દેખાય. પણ બાપુને એવી કોઈ ચીંતા

વળગે નહીં. કીડીને કણ ને હાથીને મણ આપનાર હજાર હાથવાળા પર એને ભારોભાર વીશ્વાસ. 'આજે આપ્યું તે કાલે ભુખ્યાં થોડાં સુવાડશે?' 'નસીબમાં હોય તે થાય જ' આ બધા બાપુના તકીયાકલામ.

બાપુની એક ખેવના જે ઝંખનાનું રુપ પકડી ગયેલી તે એ કે અમને ભાઈ-બહેનોને ભણાવવાં, એને માટે ભલે પછી તુટી જવું પડે અને એમના સુકલકડી શરીરને એમણે તોડી પણ નાખ્યું. રાજકોટથી ભાવનગરની સાઈકલ રેસમાં માત્ર ૧૦૦૦ રુપયડી માટે ઝંપલાવ્યું ને શીહોરનું ઝાટક નડતાં ત્રીજા નંબરનું માત્ર પ્રમાણપત્ર પકડી હસતાં હસતાં ઘરે આવેલા.

દીવસના મોટા ભાગના કલાકો એમના સાઈકલ પર જ જતા. વહેલા પાંચ વાગ્યે ઉઠી એક આખી તપેલી ચા ગટગટાવી નીકળી પડે. એમની ખખડધજ સાઈકલ પર ખુલ્લે ગળે કંઈ લલકારતા હોય, કંઈ પણ ચાલે, એક વાર મેં એમને 'દુનીયા કા મેલા, મેલે મેં લડકી...' ગાતા ટોકેલા. પણ એમને ખબર નહોતી કે તેમણે એવું કશું ગાયેલું; છતાં એમની હંમેશની આદત મુજબ એ મારી સામે હથીયાર ટેકવી દે. 'હવે નહીં ગાઉં.' પણ બીજે દહાડે એના એ. આજુબાજુનાં ગામોમાં બાપુ માટે એક કહેવત કે 'સવારે ઉઠીને કાસમભાઈનું મોઢું જોનારનો દીવસ સુધરી જાય.'

મા-બાપને મન બધાં જ સંતાન સરખાં જ હોય છતાં એકાદ સંતાન પર વીશેષ ભાવ રહેવાનો જ. બાપુના વીશેષ ભાવની અધીકારીણી હું બનેલ. નાનપણથી જ. ભાઈબહેનો મને 'બાપુના ગળાનું હાડકું' કે 'ચમચો' કહી ખીજવે. ઈર્ષા કરે. બાપુને ફરીયાદ કરું તો હસીને ટાળી નાખે. એ ઘણુંય નક્કિ કરે પક્ષપાત નહીં કરવાનો; પણ એમનાથી રહેવાય નહીં. જો કે આની પાછળ આજે મને એ કારણ દેખાય છે કે હું બાની સામું બહુ બોલતી પરીણામે મોટા ભાગે બા મારા પ્રત્યે ચીડાયેલ જ રહે. એટલે કદાચ બાપુ મારા પ્રત્યે વધારે ને વધારે ઢળતા ગયા. હું મામાને ઘરે કે ગમે ત્યાં જાઉં મારા માટે બાપુ બધાં છાપાં સાચવી રાખે, ખોટ ખાઈને પણ, બા ગુસ્સે થાય તો પણ. પાંચમા ધોરણમાં હતી ત્યારથી જ ૧૦-૧૨ ગાઉ દુર આવેલ શીહોર છાપાં લેવા મોકલે. જૈનોના મેળાવડામાં છાપાં વેચતાં, લહેકા કરતાં શીખવાડે.આજે ૫૦ માણસ વચ્ચે પણ જે ખુમારી સાથે બોલી શકું છું એનાં બી બાપુએ વાવેલાં. મારાથી બે જ વર્ષ મોટા ભાઈ ભણવામાં બહુ હોશીયાર. બાપુની આવી જીદ કે એ જેટલા ટકા છઠ્ઠા ધોરણમાં લાવે તેટલા જ બે વર્ષ પછી મારે લાવવાના. બે વર્ષ પછી એના સાચવી રાખેલ પરીણામ સાથે મારું પરીણામ સરખાવી બાપુ બાળકની માફક ખુશ થઈ જાય. આ બાળપણે બાપુના મોઢા પરથી આજે પણ વીદાય નથી લીધી. એમને છેતરવા એટલે ડાબા હાથનો ખેલ; કદાચ એટલે જ ઘરના પૈસાને લગતો વ્યવહાર બાએ સંભાળ્યો હશે.

બચપણમાં લશ્કરી શીસ્તમાં ઉછરેલ બાપુએ અમને બધાંને છુટો દોર આપી રાખેલ. જેને જે કહેવું હોય કે કરવું હોય તેમાં બીજાં સલાહ આપી શકે, નીર્ણય નહીં, એ શીરસ્તો. આજે પણ બાઅદબ જળવાય છે ઘરમાં. બાપુ સાથે અમે ઉગ્ર ચર્ચા કરી શકતાં. છાપાંના ધંધાને કારણે રાજકારણ અમારો પ્રીય વીષય. બાપુ ને હું સામસામા પક્ષનાં. આ જામતી દલીલોમાં ઉંમર, સંબંધ બધું જ ભુલીને લડતાં. અંતે હારીને બા કહેઃ "તું મોટી થઈને વકીલ થાજે, એક પણ કેસ હારીશ નહીં."

દરેક પગલે પથ્થરની તોતીંગ દીવાલમાં માથું અફાળીને રસ્તો કાઢવાનો હોવાથી અમે બધાં નાનેથી જ જીંદગી સાથે બાખડતાં શીખી ગયેલ. નાનેથી જ લડાયક મીજાજના એટલે કોઈનું કંઈ સાંખી લઈએ એ વાતમાં માલ નહીં. દવાખાનાવાળા, જેટલા દવાખાનામાં નોકરી કરે તેમના છોકરાને ભણવાના ચોપડા આપે ને નીશાળે લેવા-લઈ જવાની બસમાં સગવડ આપે. મારા ઘરમાં તો કોઈ નોકરી કરે નહીં; પણ અમે બધાં ભાઈ-ભણવામાં એક્કા. દવાખાનાના હેડનો છોકરો પણ અમારી પાછળ પાછળ ફરે. આથી અમને પણ બસની અને ચોપડાની સગવડ મળેલ.(એના વગર કદાચ ભણવું વધારે મુશ્કેલ બન્યું હોત.)આપણા સમાજમાં ઉંમરનાં ધોરણે નહી પણ પૈસાનાં ધોરણોએ

વ્યવહાર ચાલતો હોઈ બધા બાપુને 'તુ' કહીને બોલાવે અને અમારાં લમણાં ફાટી જાય. બાપુએ એક જમાનામાં મરઘાંઉછેરનો ધંધો કરેલો. એટલે સરખેસરખા છોકરાઓ અમને "કાસમ કુકડી, ભરી બંધુકડી..." પ્રાસમાં બેસાડીને ચીડવે ને અમે લોહીલુહાણ થઈ જઈએ એવાં ઝઘડીએ. બાપુ ઘણું સમજાવે કે બોલનારનું મોં ગંધાય,એની લાયકાત દેખાડે છે. પણ અમે એમ શાનાં ટાઢાં પડીએ? એક વાર દવાખાનાના સારા હોદ્દા પરની વ્યક્તીએ બાપુ વીષે કંઈક પૃચ્છા કરી. મોટો ભાઈ આમ પણ જરા તપેલ મગજનો. મોઢે જ ઝાપટી આવ્યો કે 'તારે કામ હોય એ મને કહી દે, હું કહી દઈશ મારા બાપુને.' પેલો કેમનો સાંખી લે અવળચંડાઈ ? એણે બાપુને ફરીયાદ કરી. બાપુએ એકદમ ટાઢા કોઠે પરખાવ્યું કે 'જો ભાઈ, તમારા બધાંની તેનાત હું સ્વીકારી લઉં છું; પણ મારાં છોકરા મારા શા માટે સાંખે ? વળી મને એમના પર એટલો ભરોસો છે કે એણે જે કાંઈ કર્યું હશે તે વીચાર્યા વગર તો નહીં જ કર્યું હોય.' બાપુ અમારા પક્ષે ન ચડયા હોત તો ? આ કારણે જ અમે ભાઈ-બહેન અભાવમાં ઉછર્યાં છતાં લઘુતાગ્રંથીના ઓછાયાથી પણ દુર રહ્યાં. આખલાની જેમ શીંગડાં વીંઝી દુનીયા સામે મોરચો માંડતાં જ શીખ્યાં. વરસના અંતે નીશાળમાં ગણવેશનું પાંચ-સાત થરું થીગડું પણ ઘસાઈ ગયું હોય તે શીક્ષક ક્લાસની બહાર કાઢે, યુનીફોર્મ નહીં પહેરવા બદલ, તો ઉંચા માથે ઉભા રહેતા. બાપુના લેંઘાની તો આઠ-દસ નકલ એમની સાઈકલ ખાઈ ચુકી હોય, આથી યુનીફોર્મની વાત તો એમને કહેવાય જ નહીં. અને આ બધાં છતાં આજે પણ જે વાતની મને અનહદ નવાઈ લાગે છે અને જે કારણે બાપુ પરનું માન વધતું જ જાય છે તે એ કે આવા દીવસોમાં પણ અલાઉદ્દીનના ચીરાગની માફક દશેરાના દીવસે અમને મીઠાઈ ચખાડતા ને દીવાળીની રાતે આખો ખોબો ફટાકડા અમારા દરેકને ભાગે આવતા. રાતના ૧૦-૧૧ વાગ્યે એક જ તાકામાંથી સીવેલાં બધાંયનાં કપડાં પણ આવી જતાં. પતંગ ટાણે બંને ભાઈને બાપુ જ દોરી પાઈ આપતા અને ઉનાળે કેરી પણ ચાખેલ. કોઈ જ અભાવ બાપુએ અમને ઉંડો નહીં ઉતરવા દીધેલ. એમનાથી અજાણ્યો અભાવ અમને અડી જતો. પણ એને અંદર ઉતરવાનો અવકાશ બાપુ છોડતા નહીં.

કેટલાંય વર્ષો સુધી ઘરમાં લાઈટ નહીં. અમે બધાં ફાનસે વાંચીએ. શહેનશાહો એવા કે ફળીયામાં પોતપોતાની ખાટલીએ વાંચવાની જીદ. મને આજે પણ બરાબર યાદ છે કે એ વર્ષોમાં ઘરના બજેટમાં સૌથી મોટો ખર્ચો ઘાસલેટનો હતો. બાપુએ તોય ક્યારેય અમને અમને એવું મજાકમાં પણ નથી કહ્યું કે, 'તમે સાથે બેસીને વાંચો.'

બાપુ માટે ધીરજ, સહનશીલતા શબ્દો ઉપમા, રુપકને ધોરણે ટુંકા પડે. 'ધીરજનાં ફળ મીઠાં' એ જેનો તકીયા કલામ હતો એવા બાપુને મેં માત્ર બે વાર ધીરજ ખોતા જોયા છે. ૧૯૭૨નું એ વર્ષ. મોટી બહેનને સણોસરાની લોકભારતી સંસ્થામાં ભણવા મુકેલ. એ જમાનામાં વર્ષે બે-અઢી હજારનો ખર્ચો આવે. એમાં પડયો કાળઝાળ દુકાળ. છાપાંની એજન્સીઓ ટપોટપ રદ થવા માંડી. પૈસા નહીં ભરી શકવાને કારણે બાપુ ચારેગમથી ભીંસાયા. હવે ઝીંક નહીં જ ઝીલાય એવી એમના હૈયે ધાક પેસી ગઈ અને એમણે હામ ખોઈ દીધી. "તમે તમારું સંભાળી લેજો. હું હવે ઘર છોડીને જતો રહેવાનો છું. બને તો મોટા થઈ જેના પૈસા લીધા છે તેને પાછા આપી દેજો. હું જતો રહીશ પછી તમારે ગળે તો કોઈ પડી નહીં શકે....!!" બાની હાલત શી થઈ હશે, એ આલેખવા પાનાં ટુંકાં પડે. અમે બધાં કલ્પાંતીએ પણ બાપુએ જાણે કાનના ભોગળ જ ભીડી દીધેલ. દીવસ આખો ઘરમાં ચુલો ન ચેત્યો. છેક ઝડવઝડ દીવસ રહ્યો ત્યારે રોઈ રોઈને નાનો ઝોબો વળી ગયો ને એણે બાપુની જીદ મેલાવી. પણ આ વર્ષો બહુ કાઠાં ગયાં, પૈસો જીવવા માટે કેટલો જરુરી છે એ અમે બધાં બરાબર સમજી ગયાં. આ વર્ષોમાં હીરા ઘસવામાં ભારે તેજી ચાલે. સારા સારા ઘરના છોકરાઓ ભણવાનું છોડી મહીને ૧૦૦૦ પાડવા માંડેલ. ઘરની હાલત જોઈ મોટો પણ લલચાય. પણ બાપુ ફરી રાજા પાઠમાં આવી ગયેલ. 'વેચાઈ જઈશ પણ તમને ભણાવ્યે પાર કરીશ.' ૧૯૭૬ના વર્ષે મોટો પણ કૉલેજમાં દાખલ થયો. એક

જોડી કપડાંએ એણે કૉલેજનાં ત્રણ વર્ષ ખેંચેલ(એટલે જ આજે એને કપડાંનો ગાંડો શોખ છે). બે છોકરાનાં ટીફીન ત્રણ ગાઉથી લઈ આવે, બોર્ડીંગમાં એના બદલામાં એને એ ટીફીનમાંથી ભાત-શાક મળે. ઘરે તોય એણે હરફ નથી કાઢ્યો આ બાબતે કદીએ. મોટી બહેનને સરકારી નોકરી મળી પણ વર્ષ માટે. પગાર માત્ર મહીને રુ.૧૦૦. બાપુને એના આવવા-જવાના સામા વધારે આપવા પડતા. આમાં '૭૬ના ગાંડા વરસાદે ડગમગી ગયેલ ઘરને ઢાળી દીધું. પડતા પરના આ પાટાને અમે સામી છાતીએ ઝીલ્યું. મજુર, ઈંટ વગેરે તો સપનામાંય નો'તાં આવતાં. ભાઈ પથ્થર ખોદે, અમે લાવીએ ને બા ગારા સાથે માંડતા જાય. બે દીવસમાં અમે દીવાલને પાછી ઉભી કરી દીધેલ.

ટકી રહેવા ઝાંવાં નાખતા બાપુને બીજો ઘા 'ગુજરાત સમાચારે' માર્યો. ૧૯૮૦માં, મોટો ભાઈ કૉલેજના છેલ્લા વર્ષમાં. નાનાને વડોદરા મેડીકલમાં એડમીશન મળ્યું તે એને ત્યાં મુક્યો. હું ૧૨મા ધોરણમાં. બાપુએ કેટલાને માથે કરેલા તે તો છેક આટલાં વર્ષે ચુકવીએ છીએ ત્યારે ખબર પડે છે; પણ બાપુએ ત્યારે ગંધ સરખી ન આવવા દીધેલ. આમાં 'ગુજરાત સમાચાર' પૈસા નહીં મોકલવાને કારણે બંધ પડ્યું. 'સંદેશ'વાળો ખેંચે બે-ત્રણ મહીના; પણ 'ગુજરાત સમાચાર'વાળો ભારે અધીરીયો. બાપુ આના તેના કરીને રુ.૮૦૦ ભેળા કરી અમદાવાદ ઉપડ્યા. 'ગુજરાત સમાચાર'વાળાએ પૈસા જમે કર્યા ને પછી ઘા માર્યો. "આજથી તમારી એજન્સી બંધ થાય છે." બાપુના ગુડા જ ગળી ગયા(કદાચ એટલે જ, આજે પણ કોઈ કારણ વગર મને 'ગુજરાત સમાચાર' પ્રત્યે ભારોભાર કઢાપો છે. દીઠે ડોળે પણ મને એ છાપું નથી ગમતું) ભાંગેલ ટાંટીયે બાપુ ઘેર આવ્યા. ઘરે આવ્યા ત્યારે એમને સાવ જ ભાંગી નાખવા હું તૈયાર બેઠેલી. હા, હું જ, જેમના માટે એમની પ્રબળ ઝંખના કે તારે તો ડૉક્ટર બનવાનું જ છે, નાનો બનશે એટલે તારો છુટકો જ નથી. અને એ દીવસે હું ૧૨મા ધોરણની પરીક્ષા અધુરી છોડી ભાવનગરથી ઘરે નાસી આવેલ. પહેલી વાર ઘરની બહાર બાપુ મને મુકી આવેલ ભાવનગરની હોસ્ટેલમાં. જે હું ન જીરવી શકી ને ભાગી આવી. બાપુ તો અવાચક જ થઈ ગયા! મારી આંખો પણ અનરાધાર નીતરે ને બાપુએ અવાચકતાને ખંખેરી મને પાસે લીધી. બરડે હાથ ફેરવીને કહે કે, "કંઈ નહીં દીકરા, આપણે વર્ષ હાર્યાં છીએ, કંઈ જીંદગી થોડાં હાર્યાં છીએ ?" પણ એ વર્ષ બાપુને જાણે કે બરાબરનું તાવી રહ્યું હતું. મોટાભાઈના માઈક્રો બી.એસસી.ના છેલ્લા વર્ષ પર ચાતક નજરે મીટ માંડીને બેઠેલ બાપુ રોજ કહે કે, "હવે તો હું ઢબઢબીને કાંઠે આવી ગયો છું." પણ બાપુનું કપાળ એટલું કુણું નો'તું. પરીક્ષાના પંદર દીવસ પહેલાં જ મોટાને ટાઈફોઈડ થયો ને પરીક્ષા ન અપાઈ. ઘરમાં માણસ મર્યા જેવું માતમ ફેલાયું. આમાંથી સૌ પહેલાં બહાર પણ બાપુ આવ્યા. "કંઈ નહીં ભાઈ, તારે મુંઝાવું નહીં, હું કેવો બેઠો છું ? આપણે એવું માનીશું તું ચાર વર્ષનો કોર્સ ભણતો હતો."

મોટી બહેન બાપુના ખભાનો ભાર વહેંચતી થઈ તોય છેડા ભેગા થવાનું નામ નો'તા લેતા. બીજા વર્ષે મેં ૬૮ ટકા સાથે બારમું પાસ કર્યું ને મેડીકલના દરવાજા દેવાઈ ગયા. બાપુ મારા કરતાંય વધારે દુઃખી થઈ ગયા. પણ તરત જ " ધાર્યું ધણીનું થાય" કહી મારો સામાન બાંધવા મંડી પડ્યા. બાપુ, કે જેમને મેં ક્યારેય રોતાં નહીં જોયેલ, તે મને એના ગળાના હાડકાને કે જેણે ઘર ને નીશાળ સીવાયની દુનીયા જોયેલી જ નહીં તેને વડોદરા સુધી સામાન સાથે એકલી જતી જોઈ ધ્રુસકી ઉઠ્યા. "મારી પાસે ટીકીટના પૈસા હોત તો હું તને એકલી થોડી જવા દેત ?" કહીને ઢગલો થઈ ગયા.

જીંદગી સાથે બથોડા લેતા, પડતા, આખડતા બાપુએ અમને બધાંને ભણાવ્યાં. જીંદગીની ઝાળ અમારા સુધી બહુ ઓછી પહોંચવા દીધી. બાપુના ભોળપણનો લાભ દુનીયાએ જરુર ઉઠાવ્યો હશે; પણ કુદરતે એમને નથી છેતર્યા. આજે જ્યારે બાપુની આંખ ઠરે એવું અમે ભણ્યાં છીએ, પડ્યો બોલ ઝીલાય છે, ભાઈ જાણીતો ડૉક્ટર છે ને ગામના 'તું' કહેનારા પહેરણની ચાળથી ખુરશી સાફ કરી બાપુને બેસાડે છે ત્યારે ય એમના મોં પરની મસ્તીમાં એક તસુનોય ફેરફાર નથી થયો. એના એ જ ઝભ્ભા-લેંઘા સાથે સાઈકલની સવારી, નાનકડો ફરક એટલો જ કે થીંગડાં વગર જ ! તેઓ સાઈકલે

બેસીને કહે છે, "આ બધી સમય સમયની ગત છે." આજે પણ હું સૌથી લાડકી છું. વીશેષાધીકાર ભોગવું છું. આજેય બાપુ મને વડોદરા આવું ત્યારે બસસ્ટૅન્ડે મુકવા આવે છે. પાછી જાઉં છું ત્યારે માથે હાથ મુકીને જોઈ રહે છે. સામે, જાણે કહેતા હોય "બહુ ભણી, હવે ઘરે આવતી રહે." પણ મને ખાતરી છે, એ ક્યારેય એમના મોંથી નહીં કહે; કારણ કે એ મારા બાપુ છે, જેણે મને નાનપણથી 'તને ગમે તે જ કરવું'નો મંત્ર ભણાવ્યો છે.

--ડૉ.શરીફા વીજળીવાળા

**સંપર્ક:** એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, અઠવા લાઈન્સ, **સુરત**-૩૯૫ ૦૦૧-ભારત

**'થેન્ક યુ પપ્પા'** નામના યાદગાર ગ્રંથ (સંપાદકો : અમીષા શાહ-sampark97@yahoo.com અને સંજય વૈદ્ય-the35mm@gmail.com (પ્રાપ્તીસ્થાન : આર.આર.શેઠ-૧૧૦/૧૧૨, પ્રીન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨-ઈ-મેઈલ : sales@rrsheth.com –પાનાં-૨૪૬ : મુલ્ય-રુ. ૨૫૦ : વીદેશમાં- ડૉલર દસ) માંથી સાભાર..

*૫૦ના નાયકથી પ્રીયા તેંડુલકર અને બેનઝીર ભુટ્ટોથી મણીબહેન પટેલ જેવી ૪૬ દીકરીઓએ પોતાના પીતા વીષે લખેલ સ્મરણોના આ પુસ્તક વીષે **ગુણવંત શાહ** લખે છે : 'મોગરાની મહેક, ગુલાબની ભવ્યતા અને પારીજાતની દીવ્યતા કોઈ ઝાકળબીંદુમાં એકઠી થાય ત્યારે પરીવારને દીકરી પ્રાપ્ત થાય. આ પુસ્તક વાંચનારાઓને પ્રત્યેક પાન પર ઝાકળબીંદુના અસ્તીત્વની અનુભુતી થશે. એ ઝાકળબીંદુનું નામ છે દીકરી..'*

*'કોણ કહે છે કે કે ગુજરાતી સાહીત્ય વંચાતું નથી? છ જ માસના ગાળામાં આ પુસ્તકની ત્રીજી આવૃત્તી થઈ છે.'--**સંજય વૈદ્ય**, સંપાદક..*

'વીજયા ફ્રેન્ટ'માં અને 'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન **શ્રી. જુગલકીશોર વ્યાસ**-(અમદાવાદ) jjugalkishor@gmail.com અને j_jugalkishor@yahoo.co.in



## લેખીકા પરીચય


ડૉ. શરીફાબહેનનો જન્મ ૪થી ઓગસ્ટ ૧૯૬૨માં ભાવનગર જીલ્લાના અમરગઢમાં થયો. એમણે વડોદરાની એમ.એસ.યુનીવર્સીટીમાંથી બી.ફાર્મ થયા પછી બી.એ. અને એમ.એ. કર્યું. કૉલેજમાં પ્રથમ વર્ષથી તે એમ.એ. સુધી સઘળી પરીક્ષાઓમાં તેઓ હમેશાં પ્રથમ ક્રમે રહેતાં આવ્યાં. ઘણી શીષ્યવૃત્તીઓ મળતી રહી અને એમ.એ.ની પરીક્ષામાં તો સુવર્ણચંદ્રક પણ મેળવ્યો. ડૉ શીરીષ પંચાલના માર્ગદર્શન હેઠળ તેમણે 'ટુંકી વાર્તામાં કથનરીતીનો અભ્યાસ' ઉપર ૧૯૯૪માં પીએચ.ડી.ની પદવી મેળવી . ૧૯૯૧થી તેઓ સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કોલેજમાં ગુજરાતીનાં વ્યાખ્યાતા તરીકે સેવા આપે છે.

આમ, વીજ્ઞાન ક્ષેત્રમાં સ્નાતક થઈને આર્ટ્સના ક્ષેત્ર તરફ વળી જનારાં ડૉ. શરીફાબહેન વીજળીવાળાએ ગુજરાતી સાહીત્યના ક્ષેત્રમાં અને ગુજરાતીના પ્રાધ્યાપીકા તરીકે અમુલ્ય પ્રદાન કર્યું છે. અનુવાદ, લેખન અને વીવેચન ત્રણે ક્ષેત્રે તેમનું વીશેષ યોગદાન રહ્યું છે. ઘણી સાહીત્યીક

સંસ્થાઓ તરફથી એમને એમનાં વીશીષ્ટ અને નીર્ભીક સર્જનોને બદલ ઈનામો અને પારીતોષીકો દ્વારા સ્વીકૃતી મળતી રહી છે. તેમનાં લખાણમાં સચ્ચાઈ અને નીડરતા ભારોભાર છલકાય છે..
--ઉત્તમગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૮૫ -- જાન્યુઆરી ૨૧, ૨૦૦૭
'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com

*હવે માણીએ મહેન્દ્રભાઈનું કાર્ટુન*




મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site : www.ameamericanamdavadi.com

◆◆◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૮૫ -- જાન્યુઆરી ૨૧, ૨૦૦૭
'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com

◆◆◆

માત્ર બાર માસના ગાળામાં ૧,૮૨,૦૦૦ જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com>**લૅક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ**લૅક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના સાડાત્રણ હજાર જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ... સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લૅક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

Kindly send your suggestions to
Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com